1. ટીપુ સુલતાનની આંતરિક નીતિ વિશે જણાવો.

➢ ટીપુ સુલતાન દક્ષિણ ભારતના મૈસુર સલતનતનો સૌથી શક્તિશાળી શાસક હતો. તે સમય કરતા આગળનું વિચારતા હતા, આધુનિકલ અને સુધારીવાદી વિચારસરણી દ્વારા તેનોએ મૈસુર રાજય માં અનેક સુધારા કયાં. ટીપુ સુલતાને નવીન કેલેન્ડર, નવા સિક્કા, નવી તોલમાપ પ્રણાલી, આધુનિક પુસ્ત કાલપ, શ્રી રંગપટ્ટમમાં સ્વતંત્રતા વૃક્ષ (ગ્રુપ)ની સ્થાપના સાથે, મૈસુર સામ્રાજયની સલામતી માટે આધુનિક શૈલીની બંદુકો અને આધુનિક હથિયારોથી લ્શકરનું આધુનિકરણ અને નૌકાસેનાની રચના કરી. આમ, ટીપુ સુલતાને સંરક્ષણ, આર્થિક, સામાજીક, વેપાર વાણિજય, ધાર્મિક ક્ષેત્રે નોંધપાત્ર ફેરફાર કરી તેના અમલ દ્વારા મૈસુરને આંતરિક રીતે સમૃદ્ધ કર્યું.

2. ફ્રેંચ ઈસ્ટ ઈન્ડિયા કંપની વિશે વિગતો આપો.

➢ ભારતમાં ફ્રેન્ચ ઈસ્ટ ઈન્ડિયા કંપનીએ કલકત્તા અને ચંદ્રનગરમાં કારખાના શરૂ ક્યાં હતાં. બંગાળમાં પ્લાસીના યુદ્ધમાં બ્રિટિશ કંપનીની જીત થતા બંગાળમાંથી ફ્રેન્ચ ઈસ્ટ ઈન્ડિયા કંપની બસ કરી. પરંતુ, દક્ષિણ ભારતમાં ખાસ કરીને મૌસરના ટીપુ સુલતાન સાથે સુસંબંધો સ્થાપી તેઓને ડીન્ડી ગુલ ખાતે શસ્ત્રો બનાવવાનું કારખાનું ચામું ટીપુ સુલતાનને નવા સિકકા, તોલમાપ પ્રધાન લીકરનું આધુનિક બનાવવામાં ફ્રેન્ચ ઈસ્ટ ઈન્ડિયા કંપનીના મહત્ત્વનો ફાળો હતો.

3. પ્લાસી અને બક્સરના યુદ્ધ વિશે માહિતી આપો.

➢ મુઘલ સામ્રાજય નબળું પડતાં બંગાળના સૂબેદારોએ સ્વતંત્ર રીતે શાસક તરીકે કાર્યભાર સંભાળ્યો. તેઓના શાસન દરમિયાન બંગાળ વેપાર વાણિજયના ક્ષેત્રે સમૃદ્ધ બન્યું હતું. નવી જમીન મહેસૂલી પદ્ધતિ, હિંદુમુસ્લિમોને સમાન તક દ્વારા બંગાળ પ્રદેશમાં શાતિની વ્યવસ્થા કરી. નવાબોએ શક્તિશાળી લશ્કર તૈયાર કરવા પર ધ્યાન ન આપ્યું. બંગાળના નવાબોએ અંગ્રેજો અને ફ્રેન્ચ ઇસ્ટઇન્ડિયા કંપનીના કારખાનાઓની કિલ્લેબંધી કરી હતી. જેથી ઇસ્ટ ઇન્ડિયા કંપનીએ બંગાળ નવાબ સિરાજ ઉદ્દૌલા સામે પ્લાસીના મેદાનમાં યુદ્ધ કર્યું.

➢ જેમાં સિરાજ ઉદ્દૌલાની હાર થતા ઈ.સ. 1757થી ઇસ્ટ ઇન્ડિયા કંપનીએ ભારતમાં સૌ પ્રથમવાર શાસન વ્યવસ્થામાં પ્રવેશ કર્યો. અંગ્રેજોએ મીરજાફર અને અમીચંદોની સહાયથી છળકપટપૂર્વક પ્લાસીનું યુદ્ધ જીત્યું હતું. અંગ્રેજોએ પ્લાસીની જીત પછી મીરજાફરને બંગાળની ગાદી પર બેસાડ્યો . મીરજાફરે થોડા સમયના શાસન બાદ પોતાના જમાઈ મીરકાસમને ગાદી સોંપી જે શક્તિશાળી શાસક હતો. મીરકાસમે ઇસ્ટ ઇન્ડિયા કંપનીને અંકુશમાં લેવા પ્રયત્ન કર્યો.

➢ જેને પરિણામે ઈ.સ. 1763માં એક લડાઇમાં મીરકાસમની હાર થઈ તે અવધના નવાબને શરણે ગયો. અવધનાનવાબ શુજાઉદ્દૌલા, મુઘલ બાદશાહ શાહઆલમ અને મીરકાસમ વચ્ચે સંધિ થઈ અને ત્રણેયની સંયુક્ત સેનાએ અંગ્રેજો વિરુદ્ધ યુદ્ધકર્યું. આ યુદ્ધ બક્સર નજીકના મેદાનમાં થયું હતું. જેમાં, સંયુક્ત સેનાની હાર થઈ. બક્સરના યુદ્ધ પછી અંગ્રેજો એ બંગાળ, બિહાર, અને ઓરિસ્સાના શાસક બન્યા અને ક્લાઇવ બંગાળનો ગવર્નર બન્યો. આમ, ભારતીય ઇતિહાસમાં પ્લાસી અને બક્સરનું યુદ્ધ ખૂબ જ મહત્ત્વ ધરાવે

## 4. મરાઠા અને અંગ્રેજો વચ્ચેનાં યુદ્ધોનો ખ્યાલ આપો.

- શિવાજી મહારાજે મરાઠા સામ્રાજયનો મજબૂત પાયો નાખ્યો હતો.તેઓના અવસાન પછી પેશ્વાઓએ મરાઠા સામ્રાજયને જાળવવા પ્રયત્ન કર્યો. પાણીપતના ત્રીજા યુદ્ધમાં મરાઠાઓની હાર થઈ. ત્યારબાદ માધવરાવના નેતૃત્વ હેઠળ મરાઠાશક્તિનો પુનઃ ઉદય થયો. સવાઈ માધવરાવે શક્તિશાળી રીતે એ ગ્રે જો ના ત્રણ આક્રમણોનો જવાબ આપ્યો. ત્રીજા મરાઠા વિગ્રહમાં મરાઠાઓ હારતા પેશ્વાપ્રથાનો અંત આવ્યો.

## 5. હપાણિપતના ત્રીજા યુદ્ધ વિશે જણાવો.

- મરાઠી સામ્રાજ્યનો વિસ્તાર કરનાર બાજીરાવના અવસાન પછી તેઓના પુત્ર બાલાજી બાજીરાવ (નાનાસાહેબ) એ મરાઠા શાસનનીગાદી સંભાળીને પોતાના પિતાજીના અધૂરાં સ્વપ્નો પૂર્ણ કરવા પ્રયત્ન કર્યા. નાના સાહેબ અને એહમદ શાહ અબ્દાલી વચ્ચે પાણીપતના મેદાનમાં ત્રીજું યુદ્ધ થયું. આ યુદ્ધમાં મરાઠા પશે 28000 સૈનિકોનો મૃત્યુ થયા. જેના આઘાતથી જૂન 1761માં નાના સાહેબ મૃત્યુ પામ્યા. પાણિપતના ત્રીજા યુદ્ધ પછી મરાઠાઓ નબળા પડ્યા .

## 6. સૈયદબંધુઓએ ફર્ખસિયરની હત્યા શા માટે કરી ?

- ફર્મશિયરે સૈયદબંધુઓ અબ્દુલખાન અને હુસૈનએલીખાની મદદથી સત્તા પ્રાપ્ત કરી હતી. સૈયદબંધુઓને મહત્ત્વના હોદ્દાઓ પર નીમવામાં આવ્યા હતા. તેમણે સામ્રાજયને મજબૂત બનાવવા અનેક પ્રયત્નો કર્યા. પણ ફરખસિયર અયોગ્ય, કાયર અનેવિશ્વાસઘાતી નીવડ્યો. તેનાથી સૈયદબંધુઓનું વધતું જતું વર્ચસ્વ સહન ન થયું. આથી તેણે સૈયદબંધુઓને પદ પરથી દૂર કરવાના પ્રયાસો કર્યા. આ બાબતની જાણ સૈયદબંધુઓને થતા તેમણે ફરુખેંસિયરની હત્યા કરી.